# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. આ વર્ષે દિવાળીની રજાઓમાં રાજ્યના 16 પ્રવાસન અને યાત્રાધામની 16 લાખ 70 હજાર લોકોએ મુલાકાત લીધી
2. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારતીય બંધારણ દિવસ અને રાષ્ટ્રીય અખંડતાના શપથ લેવડાવ્યા.
3. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનારી રાજ્ય વેરા નિરીક્ષક અધિકારીની પરીક્ષામાં ઉમેદવારોએ સંમતિપત્રક ભરવું પડશે.
4. રાજ્યમાં આગામી બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી
5. પાટણની ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે આજથી બહેનો માટેની વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GUJARAT PRAVASAN

આ વર્ષે દિવાળીની 20 દિવસની રજાઓમાં રાજ્યના 16 પ્રવાસન અને યાત્રાધામની 16 લાખ 70 હજાર લોકોએ મુલાકાત લીધી હતી. અમદાવાદના કાંકરિયા પરિસરની સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં 13 લાખથી વધુ લોકો દર્શનાર્થે આવ્યા હતાં.

આ અંગે સાંભળીએ એક અહેવાલ....

## (વોઇસ કાસ્ટ – અનિલ પટેલ)

પોરબંદરથી અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે દિવાળી બાદ શરૂ થયેલ પોરબંદરના બરડા જંગલ સફારીનો અત્યાર સુધીમાં વિદેશી નાગરિક સહિત મોટી સંખ્યામાં પ્રવાસીઓએ લાભ લીધો હતો.

-----------

## Governor – SAMVIDHAN DIVAS Shapath

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારતીય બંધારણ દિવસ અને રાષ્ટ્રીય અખંડતાના શપથ લેવડાવ્યા. શ્રી દેવવ્રતે આજે ગાંધીનગર ખાતે દેશભરમાં ઉજવાઇ રહેલ સાંપ્રદાયિક સદ્દભાવ અભિયાન સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને દેશની આઝાદી તથા અખંડતા જળવાઈ રહે તે માટે સમર્પિત થઈને સેવારત રહેવાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલે આવતીકાલે 26 નવેમ્બર-બંધારણ દિવસ સંદર્ભે ભારતને સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન સમાજવાદી પંથ નિરપેક્ષ લોકતંત્રાત્મક ગણરાજ્ય બનાવવા અને

નાગરિકોને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુનિશ્ચિત કરતી ભાઈચારાની ભાવનાની અભિવૃદ્ધિ માટે  સંકલ્પબદ્ધ રહેવાના શપથ લેવડાવ્યા હતા.

-----------

## Indian Constitution Day

સમગ્ર દેશમાં દર વર્ષે 26મી નવેમ્બરને ભારતીય બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. બંધારણીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને બંધારણની જોગવાઇઓથી નાગરિકો માહિતગાર થાય તે માટે વર્ષ 2015માં બંધારણ દિવસની ઉજવણી કરવાનો  નિર્ણય લેવામાં આવ્યો હતો.  આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો એક અહેવાલ.........

(વોઇસકાસ્ટ-અપર્ણા ખૂંટ, સંવાદદાતા, અમદાવાદ)

-----------

## GPSC

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનારી રાજ્ય વેરા નિરીક્ષક અધિકારી પરીક્ષામાં ઉમેદવારોએ સંમતિપત્રક ભરવું પડશે.

ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલે ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તાજેતરમાં લેવામાં આવેલી કેટલીક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. જેનાથી સરકારના પૈસા અને સમય વેડફાય છે. જેના પરિણામે આ પરીક્ષામાં સંમતિ પત્રક લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(બાઇટ- હસમુખ પટેલ)

-----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

..................................

## KHYATI HOSPITAL

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ ગેરરીતિ મામલે આરોપી ડો.પ્રશાંત વજીરાણીને 7 દિવસના રિમાન્ડ બાદ અમદાવાદ ગ્રામીણ કોર્ટમાં રજૂ કરાયા હતાં. કોર્ટે આરોપી ડોક્ટરને ન્યાયિક અટકાયતમાં  લેવાનો આદેશ કર્યો છે.

ખ્યાતિ હોસ્પિટલ મામલે ફક્ત ડોક્ટર પ્રશાંત વજીરાણીની જ ધરપકડ કરવામાં આવી છે. આ મામલે 7 પૈકી હજી 6 આરોપીઓ ફરાર છે.

-----------

## TST - Passionate Search Test

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી આગામી 30મી જાન્યુઆરી 2025ના રોજ લેવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્ર આવતીકાલથી 10મી ડિસેમ્બર સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા Prakharta.gseb.org. પરથી ઓનલાઇન ભરી શકાશે. પરીક્ષા માટે આવેદનપત્ર ભરનારે બેન્ક ખાતા મુજબનું નામ, બેન્ક ખાતા નંબર, બેન્કની શાખા, IFSC કોડ વગેરેની વિગતો ભરવાની રહેશે. પરિણામ જાહેર થયા બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

-----------

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

છેલ્લા 24 કલાકમાં મોટાભાગનાં જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી સેલ્સીયસ સુધી લઘુત્તમ તાપમાન વધતાં ઠંડીનું પ્રમાણ ઓછું થયું છે. વહેલી સવારે શહેરોમાં ધુમ્મસનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. આજે સૌથી ઓછું તાપમાન 13 ડિગ્રી સેલ્સીયસ નલિયામાં નોંધાયું હતું.

-----------

## Tennis tourn.-- Patan University

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે આજથી બહેનો માટેની વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ થયો છે.

પાટણથી અમારાં પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને નવી દિલ્હીના એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીના સંકલનમાં આજથી ૨૭ નવેમ્બર દરમ્યાન રમાનાર આ સ્પર્ધામાં ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની કુલ ૪૪ યુનિવર્સિટીઓના મહિલા ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે.

પાટણ નગરપાલિકાના પ્રમુખ હિરલ પરમાર અને યુનિવર્સિટીના રજીસ્ટાર ડૉ. રોહિત દેસાઈની ઉપસ્થિતિમાં પાટણ જીમખાના ખાતે આ સ્પર્ધા ખુલ્લી મુકવામાં આવી હતી.

-----------

## Mantri Sanman Prog.-Prathmik Shikshan Sangh

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે સરકારના ચાર મંત્રીશ્રીનું સન્માન કર્યું હતું.

રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આજે ગાંધીનગરની સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે, વર્ષ 2005 પહેલાના શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા જૂની પેન્શન યોજના સહિત અન્ય ભથ્થા આપવા બદલ મંત્રી ઋષિકેશ પટેલ, જગદીશ વિશ્વકર્મા, પ્રફુલ પાંસેરિયા, અને કુબેર ડીંડોરનો સમ્માન કાર્યક્રમ યોજાયો હતો.

-----------

## NEWS IN BRIEF

**અને હવે રાજ્યના કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં....**

1. ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે આગામી 27 મી નવેમ્બરે રોજગાર ભરતીમેળો યોજાશે.
2. ચીખલી તાલુકાના રૂમલા ગામે જાગૃતિ વિદ્યાલયમાં સરસ્વતી વિદ્યાસાધના યોજના અંતર્ગત ૮૩ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરાયું હતું.
3. સુરેન્દ્રનગર જિલ્લાના મીડિયાકર્મીઓ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે "હેલ્થ ચેકઅપ" કેમ્પ યોજાયો
4. ડાંગના કોટબા ગામે ઘરની તારની વાડમાં ફસાયેલ દીપડીના બચ્ચાને બચાવી સાવચેતી પુર્વક જંગલમાં છોડવામાં આવ્યું.

5. વેરાવળ સીટી પોલીસ કર્મચારીએ સોમનાથ મંદિરના એન્ટ્રી ગેઇટ પાસે મળેલ રોકડ રકમ તથા ચાંદિના સાંકળાનું પર્સ મુળ માલીકને પરત કરાયું હતું.

6. અંકલેશ્વર પોલીસે 7 લાખ રૂપિયાથી વધુ કિંમતના નશીલા પદાર્થોના જથ્થા સાથે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

---------------------------------